ભાજપને ૨૮૪ બેઠક મળવાનું રાજકિય વિશ્લેષક વિરાભાઈ પટેલનું અનુમાન સાચું પડ્યું

ગાંધીનગર, તા. ૧૮

દેશભરમાંથી ૧૬મી લોકસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પક્ષને અકલ્પનીય સફળતા પ્રાપ્ત થઈ છે અને કુલ ૨૮૪ બેઠકો સાથે નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભાજપે જે સાનદાર જીત મેળવી છે તે લગભગ તેમાં મોટાભાગના રાજકિય વિશ્લેષકો ખોટા પડ્યા છે, પરંતુ ગાંધીનગરના જાણીતા ચૂંટણી વિશ્લેષક વિરાભાઈ પટેલ આ બાબતે ખૂબ જ ચોકસાઈપૂર્વકનું સચોટ આકલન કરવામાં સફળ રહ્યા છે.

મોટાભાગની ન્યુઝ ચેનલોના ચૂંટણી પરિણામો અંગેના એક્ઝિટ પોલમાં ભાજપને ૨૨૦ થી ૨૬૦ સુધીની બેઠકો મળશે તેવુ અનુમાન કરાયું હતું. ચૂંટણીના પરિણામો પહેલા અનેક રાજકિય નિષ્ણાંતો વિવિધ ચર્ચાઓમાં ભાજપ કોની સાથે મળીને સરકાર બનાવશે તેની લાંબી લચ્ચક ચર્ચાઓ કરતા હતા ત્યારે ગાંધીનગરના જાણીતા રાજકિય વિશ્લેષક અને ચૂંટણી વિશ્લેષક વિરાભાઈ પટેલે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં નરેન્દ્ર મોદી તેમની પ્રતિભા થકી આ ચૂંટણીઓમાં અકલ્પનીય પરિણામો સર્જશે અને ભારતીય જનતા પક્ષને કુલ ૨૮૪ બેઠકો મળશે તેવુ અનુમાન વ્યક્ત કર્યુ હતુ. ચૂંટણીના પરિણામો પહેલા વિરાભાઈના આ વિશ્લેષણ પર વિશ્વાસ કરવો થોડુ અજુગતુ લાગતુ હતુ પરંતુ જ્યારે પરિણામો આવ્યા ત્યારે વિરાભાઈ પટેલનું અનુમાન ૧૦૦ ટકા સાચુ પડ્યું છે અને ભાજપે ૨૮૪ બેઠકો સાથે દેશમાં પ્રથમવાર સૌથી મોટી જીત મેળવી છે.

વિરાભાઈ પટેલે આ ભાજપના અકલ્પનીય વિજયનો શ્રેય નરેન્દ્ર મોદીની અદ્‌ભૂત પ્રતિભા અને લોકોની નાડ પારખવાની શક્તિને આપ્યો છે. ગાંધીનગર સમાચારે પણ વિરાભાઈ પટેલને તેમના સચોટ અનુમાન બદલ તેમની રાજકિય વિશ્લેષક ક્ષમતાને બિરદાવી છે.

સેક્ટર-૧૧ સિનેમેક્સ થિયેટરની બહાર પાર્ક કરેલી ઝેન ચોરાઈ...!!

સર્જીકલ સાધનોનો વ્યવસાય કરતા યુવાન મિત્રો ફિલ્મ જોઇને રાત્રે ૧ વાગ્યે બહાર આવ્યા તો કાર ગાયબ હતી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર નજીક આવેલા ભાટ વિસ્તારમાં રહેતા અને સર્જીકલ પાર્ટસની બનાવટ તથા વેચાણનો વ્યવસાય કરતા યુવાન મિત્રો શુક્રવારે રાત્રે શહેરના સે.૧૧ ખાતે સ્થિત સીને મેક્સ થીયેટરમાં મુવી જોવા ગયા હતા. રાત્રે ૧ વાગ્યે મુવી જોઈને બહાર આવ્યા ત્યારે પાર્કિંગમાં પાર્ક કરેલી તેમની ઝેન કાર ત્યાંથી ગાયબ હતી. કોઈ વાહન ચોર તેમની કારની ચોરી કરીને પલાયન થઇ ગયો હતો. રાત્રે જેમ તેમ કરીને ઘરે પહોચ્યા બાદ આજે સે.૭ પોલીસ મથકમાં તેમણે ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર સ્થિત ભાટ ગામમાં અનુરાગ બંગ્લોઝમાં રહેતા દીપકભાઈ ડાઙ્ગાભાઈ પટેલ સર્જીકલ સાધનોની બનાવટ અને વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલા છે. શુક્રવારે નવું રીલીઝ થયેલું એક્સપોઝ ફિલ્મ જોવા તેઓ તેમની ઝેન ગાડી નં.જી.જે ૧ બી.કે ૩૫૯ લઈને મિત્રો સાથે સે.૧૧ સીને મેક્સ થીયેટર રાતના શો માં ગયા હતા. રાત્રે સવા દશ વાગ્યે તેમણે પાર્કિંગમાં કાર પાર્ક કરી અને ફિલ્મ પૂરું થયા બાદ રાત્રે ૧ વાગ્યે બહાર આવ્યા અને જોયું તો પાર્કિંગમાંથી ગાડી જ ગાયબ હતી. રૂ.૫૦ હજારની કિંમતની કાર કોઈ શખ્સ ત્રણ કલાકમાં જ ચોરી ગયું હતું. દીપકભાઈની ફરિયાદ લઈને સે.૭ પોલીસે કાર ચોરીનો ગુનો નોંધી પી.એસ.આઈ વી.યુ.ગડરિયાએ વધુ તપાસ શરુ કરી છે.



લોનને લીલીછમ્મ રાખવા તંત્ર દ્વારા પાણીનો સતત છંટકાવ કરવામાં આવે છે. તેની શીતળતામાં પશુ-પંખીઓ પોતાની તરસ છીપાવી ગરમીથી રાહત મેળવી લે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

શહેરના ફૂટપાથ પર લારી-ગલ્લાનો અડીંગો

વસાહતીઓને મજબુરીથી રોડ ઉપર ચાલવુ પડે છે : તંત્ર સમક્ષ લોકોનો ભારોભાર રોષ

ગાંધીનગર, તા. ૧૮

શહેરના મુખ્ય 'ચ' અને ઘ-માર્ગ પર સર્કલોની આસપાસ મોટા પ્રમાણમાં લારી-ગલ્લાવાળાઓએ રાહદારીઓને ચાલવા માટે બનાવેલ ફૂટપાથ પર કબજો જમાવી દીધો છે. ઠેર-ઠેર સર્કલોની આસપાસ ફૂટની લારીઓ, ચાની લારીઓ નાસ્તાની લારીઓ વગેરેથી રાહદારીઓને મુશ્કેલી વેઠવી પડે છે. જેને લઈ સ્થાનિક રાહદારીઓમાં તંત્ર વિરૂદ્ધ રોષ વ્યક્ત કરી આ વધતા જતા દબાણો દૂર કરવા માંગ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના 'ઘ' અને 'ચ' માર્ગ પર ઘ-૨, ઘ-૩, ઘ-૪, ઘ-૫, ઘ-૬, ઘ-૭, ચ-૨, ચ-૩ વગેરે સર્કલોની આસપાસ વહેલી સવારથી જ નાસ્તા, ખાણીપીણી, ચા, ફૂટ પાથરણાના નાના-મોટા વેપારીઓ અડીંગો જમાવી દે છે.

શહેરના ઘ-૪ સર્કલની પાસે મહાત્મા મંદિર તરફ જવાના માર્ગ પર તો આખી ફૂટપાથ પર ઠેર ઠેર ડીસગોળાની લારીઓ વાળાઓ લારીઓ લગાવી દે છે. ત્યારે સાંજે ચાલવા નિકળતા રાહદારીઓ પણ બે ઘડી વિચારે છે કે ફૂટપાથ કોની માટે બનાવી છે. રાહદારીઓ માટે કે લારીઓ વાળા માટે આમ ના છૂટકે રાહદારીઓએ ફૂટપાથ છોડી માર્ગ પર ચાલવુ પડે છે. બીજી તરફ આ લારી-ગલ્લાવાળાઓ આસપાસ જ ગંદકી કરી માર્ગોની સુંદરતામાં ખરાબ કરી આરોગ્ય અને પર્યાવરણને નુકશાન કરી રહ્યા છે. આથી નગરજનો પરેશાન થઈ ગયા છે અને ગંદકી તેમજ સાફસફાઈના મુદ્દે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને સત્વરે સ્થાનિક તંત્ર આ દબાણો અને તેના દ્વારા થતી ગંદકીને દૂર કરાવે તેવી નગરજનોમાં માંગ ઉઠવા પામી છે.

કુરિયર બોય બનીને આવતા ચેઈન સ્નેચર્સ ચોક્કસ માહિતી લઈને ઘરમાં ઘુસે છે

કુરિયર ઓફિસનો કોઇ માણસ ફૂટેલો છે કે આ શખ્સો જ કુરિયર બોય પર વોચ રાખીને મકાનને નિશાન બનાવે છે તેની તપાસ શરૂ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં થોડા મહિના અગાઉ જે રીતે સે.૩ માં એક કુરિયર બોય બનીને આવેલા શખ્સ દ્વારા ધોળે દિવસે ઘરમાં ઘૂસીને વૃદ્ધાનો દોરો ખેંચવામાં આવ્યો હતો તે જ પદ્ધતિથી ચારેક દિવસ પહેલા બપોરના અરસામાં વધુ એક ચેઈન સ્નેચિંગ થવા પામી હતી. સે.૨૪ માં રહેતા નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેરના ઘરમાં મોબાઈલ નંબર લખવાનો રહી ગયો હોવાના બહાને ઘૂસીને ૪૫ હજારની કિંમતનો સોનાનો દોરો ગળામાંથી આંચકીને કુરિયર બોયના સ્વાંગમાં આવેલો ચેઈન સ્નેચર ફરાર થઈ ગયો હતો. બંને ગુનામાં પૂનમ કુરિયરનું નામ ચેઈન સ્નેચર દ્વારા લેવામાં આવ્યું હતું અને તેમાં પણ ચોક્કસ માહિતીને આધારે ઘરમાં ઘૂસ્યો હતો. તેથી આ શખ્સને કુરિયર ઓફિસનો જ કોઈ માણસ માહિતી આપતો હોય અથવા કોઈ કુરિયર બોય પર આ શખ્સ સખત વોચ રાખતો હોય તેવી શક્યતા -બળ બનતા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે આવેલા આદર્શનગર વિસ્તારના પ્લોટ નં.૫૧૧ માં રહેતા રમેશચંદ્ર બેચરદાસ પટેલ નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર ઘરે બેઠા હતા ત્યારે બપોરે અઢી વાગ્યાના અરસામાં પૂનમ કુરિયર્સનું નામ દઈ એક કુરિયર બોય આવ્યો હતો. કુરિયર આપ્યા પછી મોબાઈલ નંબર લખવાનો રહી ગયો હોવાનું કહી કુરિયર બોય ઘરમાં ઘૂસ્યો અને નિવૃત્ત અધિકારીના ગળામાં હાથ મારીને દોઢ તોલા વજનનો રૂ.૪૫,૦૦૦ ની કિંમતનો સોનાનો દોરો ખેંચીને ચેઈન સ્નેચર ભાગી ગયો હતો. હકીકતમાં બે દિવસ પહેલા જ તેમણે એક કુરિયર આવ્યું હોવાનું બહાર આવ્યું હતું. આ જ મોડસ ઓપરેન્ડીથી અગાઉ સે.૩ માં એક વૃદ્ધાનો દોરો પણ ખેંચાયો હતો. તેમને પણ બે દિવસ અગાઉ કુરિયરનું પાર્સલ આવ્યું હતું. તેથી એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે આ શખ્સને કુરિયરની માહિતી પાક્કી હોય છે. કોઈ કુરિયર બોય તેને બાતમી આપતો હોય તે પણ સમભાવ છે અથવા કોઈ કુરિયર બોય પર તે ખાસ બારીકાઈથી વોચ રાખતો હોય અને પછીથી તે જયાં ગયો હોય તે મકાનમાં પહોંચી જઈ કુરિયર બોયની ઓળખ આપીને વિશ્વાસમાં લઈ ચેઈન સ્નેચિંગ કરી જતો હોય. પોલીસે તે દિશામાં ઝીણવટભરી તપાસ આરંભી છે.

પાનસર ગામમાં પાનના ગલ્લે વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

કલોલ તાલુકા પોલીસે બાતમીને આધારે દરોડો પાડ્યો : ૧૫૦૦નો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જીલ્લા ના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા પાનસર ગામમાં એક પાનના ગલ્લે વરલી મટકાનો જુગાર રમાતો હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પોલીસની ટીમે દરોડો પાડી વરલી મટકાના સાહિત્યો સાથે બે શખ્સોને રંગે હાથ ઝડપી પડ્યા હતા. કલોલ તાલુકા પોલીસે બંનેની ધરપકડ કરી ડી પૂછપરછ શરુ કરી છે. પોલીસ રૂ.૧૫૦૦ નો મુદ્દામાલ જજ્ત કર્યો છે.

કલોલ તાલુકાના પાનસર ગામમાં એક પાનના ગલ્લા પર બેસીને બે શખ્સો વરલી મટકાનો જુગાર રમાડી રઙ્ગા હોવાની બાતમી મળતા કલોલ તાલુકા પોલીસે તે પાનના ગલ્લા પર દરોડો પાડ્યો હતો. દરોડામાં પોલીસે રસિક મેલા રાવળ અને બળદેવ કેશવ પટેલને રંગે હાથ પકડી પડ્યા હતા. પોલીસ બંને શખ્સોની તપાસ કરતા વરલી મટકાનું સાહિત્ય તથા રૂ.૯૫૦ રોકડા અને મોબઈલ મળીને રૂ.૧૪૫૨ નો મુદ્દામાલ કબજે કરી બંને ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નગરમાં ઠેર ઠેર નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા હોર્ડિંગ્સ લાગ્યા

મુખ્યમંત્રી તરીકે છેલ્લા ૧૩ વર્ષથી ગાંધીનગરમાં નિવાસ કરતા નરેન્દ્ર મોદી સાથે શહેરનો ભાવાત્મક નાતો બંધાયો છે : નગરજનોમાં મોદી વડાપ્રધાન બનશે તેની જેટલી ખુશી છે તેટલો જ તેઓ દિલ્હી રહેવા જતા રહેશે તેનો વસવસો પણ છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં નગરજનોનો હરખ ચરમસીમાએ છે કારણ કે ગુજરાતના લોક લાડીલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે દેશના સર્વોચ્ચ લોકતાંત્રિકપદે બિરાજમાન થવા જઈ રહ્યા છે. ૧૬મી લોકસભાની ચૂંટણીઓમાં દેશના ૧૫મા વડાપ્રધાન તરીકે દેશની જનતાએ ખોબલે ખોબલે મતો આપી નરેન્દ્ર મોદીને પસંદ કર્યા છે. તેમની આ અદ્વિતિય સિદ્ધિ માટે વિશ્વભરમાંથી શુભેચ્છાઓ અને અભિનંદનની વર્ષા થઈ રહી છે. ત્યારે નગરજનોએ પણ નગરમાં ઠેર ઠેર હોર્ડિંગ્સ લગાડી નરેન્દ્ર મોદીને શુભેચ્છાઓ પાઠવી છે.

ભારતના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીને શુભેચ્છાઓ અને અભિનંદન આપવા નગરના આગેવાનો, સંસ્થાઓ અને ભાજપના હોદ્દેદારો દ્વારા ઠેર ઠેર હોર્ડિંગ્સ લગાડવામાં આવ્યા છે. આ હોર્ડિંગ્સમાં નરેન્દ્ર મોદીને વિકાસ પુરુષ, ગુજરાતના સિંહ, દિર્ઘદૃષ્ટા, લોકહૃદય સમ્રાટ જેવા અનેક વિશેષણોથી નવાજવામાં આવ્યા છે. આ હોર્ડિંગ્સમાં નરેન્દ્ર મોદીની વિવિધ મુદ્રાઓવાળી વિરાટ તસવીરો છાપવામાં આવી છે. આ પ્રકારના હોર્ડિંગ્સ વિધાનસભા સામેથી લઈને પથિકાશ્રમ સર્કલ, ઈન્ફોસિટી સર્કલ અને નગરના લગભગ દરેક મુખ્ય ચાર રસ્તાએ લગાડવામાં આવ્યા છે. જે આવતા જતા તમામ રાહદારીઓ અને વાહન ચાલકોને આકર્ષી રહ્યા છે.

ગાંધીનગર શહેર ગુજરાત રાજ્યનું પાટનગર હોવાથી મુખ્યમંત્રી તરીકે છેલ્લા ૧૩ વર્ષથી નરેન્દ્ર મોદીનું નિવાસસ્થાન બન્યું હોવાથી આ નગર સાથે તેમનો એક ખાસ ભાવપૂર્ણ સંબંધ બંધાયો છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદીના માતૃશ્રી હિરાબા પણ ગાંધીનગરમાં જ નિવાસ કરતા હોવાથી પણ તેમનો નાતો વધુ ભાવનાત્મક બન્યો છે. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બનવા બાબતે નગરજનોને જેટલો હરખ-ઉત્સાહ છે તેટલો જ હવે તેઓ વડાપ્રધાન બન્યા પછી દિલ્હી રહેવા જતા રહેશે તેનો વસવસો પણ છે. કદાચ નરેન્દ્ર મોદીની આગામી દિવસોમાં જ્યારે ગાંધીનગરમાંથી વિદાયની વેળા આવશે ત્યારે તે નગરજનો માટે ખૂબ જ લાગણીસભર ક્ષણો હશે તે બાબતમાં બે મત નથી.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જીતની શુભેચ્છા આપતા હોર્ડીંગ્સ નગરના મુખ્ય માર્ગો (પથિકાશ્રમ-ઘ-રોડ/ચ-રોડ - વિધાનસભા સામે) પર વિવિધ સંસ્થાઓ દ્વારા મુકવામાં આવ્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૬ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦
ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫

: સ્ક્રીન-૨ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦
એમ-૩ ૧૨.૩૦
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦
ધ એક્સપોઝ : ૧૦.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા-૩ ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫
સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫

: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫
હવાહવાઈ: ૫.૩૦

: સ્ક્રીન-૪ :
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦
ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ધ એક્સપોઝ : ૭.૦૦

આપની આજ

મેષ : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. લાંબી યોજનાઓનું અમલીકરણ નહીં થાય. તેથી તેનાથી દૂર રહો. વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

મિથુન : મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે.

કર્ક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

વૃશ્ચિક : તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે.

ધન : કાર્યની પ્રત્યે દૃઢતા તમને આજે કાર્યમાં અનુકૂળ સફળતા અપાવી શકે છે. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

મકર : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદોથી બચવું. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : ભૌતિક સુખ પ્રાપ્તિ થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થશે.

ચિરવિદાય

- સ્વ. લક્ષ્મણજી કલ્યાણજી ઠાકોર(ઉ.વ. ૬૦) મુ.પો. દેલવાડ, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રતાપજી નાથાજી ઠાકોર(ઉ.વ. ૭૫) મુ.પો. કુડાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમતુજી નાથાજી ઠાકોર(ઉ.વ. ૬૨) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.